



## નડિયાદ પાસે રીક્ષા પર ઝાડ પડતા ત્રણના મોત

નડિયાદ તાલુકાના અરેરા પાસે આજે સવારે રીક્ષા પર ઝાડ પડ્યું હતું. જે ઘટનામાં શાળા પર નોકરીએ જઈ રહેલી ત્રણ મહિલા શિક્ષિકાઓના મોત થયા છે. રોડ પર અચાનક રીક્ષા પર ઝાડ પડવાને કારણે સર્જાયેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. લતાબેન મનુભાઈ મકવાણા, વિણાબેન વિજયભાઈ છાસઠિયા, હર્ષિદાબેન પટેલના અવસાન નીપજ્યા હતા. જ્યારે રીક્ષા ડ્રાઈવર ને ગંભીર ઈજા થતા તેને નડિયાદ સિવિલમાં દાખલ કરેલ છે.

# કોંગી સભ્ય મહિનાનો પગાર આર્મી વેલ્ફેર ફંડમાં આપશે

### મનકી બાત બહુત હુઈ અબ દમ કી બાત કરો : વડાપ્રધાન મોદીને વાઘેલાની સલાહ : આતંકવાદી હુમલાને વખોડીયું

અમદાવાદ, તા.૧૯

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે મીડિયા તથા પત્રકાર મિત્રો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગઈકાલે એલઓસી પાસે ઉરી કેમ્પમાં દેશના જવાનો ઉપર થયેલાં આતંકવાદી હુમલાઓ એ કાયરતાનું કૃત્ય છે. કોંગ્રેસપક્ષ તેને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. આવા આતંકી હુમલા જેવા કાયરતાના કૃત્યોમાં કોઈપણ દેશ સામેલ હોય તેણે આવા કાયરતાના કૃત્યોથી દુર રહેવું જોઈએ. પઠાણકોટ હુમલાનું લોહી હજુ સુકાયું નથી ત્યાં ગઈકાલના આતંકી હુમલાએ ૧૯ જેટલા લશ્કરના જવાનોનો ભોગ લીધો છે. કેન્દ્ર સરકારની અપરિપકવ વિદેશી નિતીએ દિશાવિહીન ડિપ્લોમર્શીનું આ પરિણામ છે. દેશના પ્રધાનમંત્રી સસ્તી લોકપ્રિયતા વિદેશી નીતિએ દિશાવિહીન ડિપ્લોમશીનું આ પરિણામ છે. દેશના પ્રધાનમંત્રીએ સસ્તી લોકપ્રિયતા માટે કરેલા કટુ ઉચ્ચારણો એ જે તે વખતના દેશના પૂર્વ પ્રધાનમંત્રી ડૉ.મનમોહનસિંહજી માટે હોય કે, અન્ય માટે હોય, ભાજપની વહીવટી અણઆવડતને લીધે આતંકી હુમલા જેવા બનાવો બની રહ્યા છે. ત્યારે ભારતના પ્રધાનમંત્રી તરીકે લાહોરમાં જઈને પાકિસ્તાનના પ્રધાનમંત્રી સાથે ખીર ખાધા પછીના થોડ જ મહિનાઓમાં પાકિસ્તાની આતંકવાદ તરફથી પઠાણકોટ અને ત્યારબાદ ઉરી આર્મી બેજડ કેમ્પમાં હુમલામાં ૨૦ જેટલા જવાનોના ફકત શિર નહી પણ આખે આખા હોમાયા છે. ત્યારે દેશના જવાનોના શીર કરતાં નવાઝ શરીફની ખીર આ દેશના પ્રધાનમંત્રી માટે મહત્વની બની ગઈ છે. તત્કાલિન મુખ્યમંત્રી મોદીજી વાણી વિલાસમાં વ્યસ્ત બની વિવેક ચૂકીને દેશના એક જવાનનું શિર કપાય તો સામે ૧૦ જવાનોના શિર કાપી લાવવા જોઈએ. જે તે વખતની કોંગ્રેસ સરકારે લવ લેટર લખવાનું બંધ કરવું જોઈએ. તમારી સસ્તી વાણી વિલાસના ઉચ્ચરણોનું આ ગંભીર પરિણામ છે. કોંગ્રેસે લવ લેટર લખવાનું બંધ કરવું જોઈએ એવી ડહાપણભરી શીખ આપનાર આજના ૫૬ ઈંચની છાતીવાળા પ્રધાનમંત્રી માત્ર ટવીટ કરીને આ ગંભીર મુદ્દા પર પૂર્ણવિરામ મૂકી રહ્યા છે. તેનાથી દેશ કે જવાનો સલામતી જોખમાય છે. ભારતના પડોશી દેશો સાથેના સંબંધો છેલ્લાં ૩૦ મહિનામાં સાવ વણસી ગયા છે. આતંકી હુમલા બાબતમાં કોઈપણ પ્રકારની રાજનિતી કર્યા સિવાય હિંમતથી આ હુમલાઓનો ભારત સરકારે જવાબ આપવો જોઈએ. કારણ કે, કોઈપણ દેશની વિદેશ નિતી એ અતિ ગંભીર બાબત હોય છે. એમાં વાણી વિલાસ કે મતોનું રાજકારણથી દુર રહેવું જોઈએ કારણ કે, કેન્દ્ર સરકારના છેલ્લા બે વર્ષમાં સૌથી વધારે સીઝ ફાયર ઉલ્લંઘન અને વારંવાર જવાનો શહીદ થયા છે. કોઈપણ કારણ વગર પરંપરાને નવે મૂકી પોતાની સોગંદવિધીમાં પાકિસ્તાનના વડાપ્રધાનને આમંત્રણ આપવાની વ્યક્તિગત લાલસા સિવાય શું કોઈ હોઈ શકે.





### ...જરા આંખ મેં ભરલો પાની...

ગઈ કાલે ઉરી સેકટરમાં થયેલા ત્રાસવાદી હુમલાને પગલે દેશભરમાં આક્રોશ ફાટી નિકળ્યો છે. દેશના ૧૭ જાંબાઝ જવાનો શહીદ થવાથી સમગ્ર દેશમાં શોકની કાલિમા છવાઈ જવા પામી છે. અને સૌ કોઈ ત્રાસવાદી તથા તેને પોષનાર કાવતરાખોરો સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે અને સાથે સાથે શહીદ જવાનોને પોત પોતાની રીતે શ્રધ્ધાંજલિ પણ પાઠવી રહ્યા છે. ગાંધીનગરના જાણીતા સ્કલ્પચર આર્ટિસ્ટ હરિન ભટ્ટે દેશના જવાનનું સ્કલ્પચર તૈયાર કરી શહીદોને શ્રધ્ધાસુમન પાઠવ્યા છે. આ સ્કલ્પ્ચર તેમણે કલે મટીરીયલમાં તૈયાર કર્યું છે. આ કૃતિ દ્વારા આપણા દેશના જવાં મર્દ સૈનિકોને શ્રધ્ધાંજલિ આપવા ઉપરાંત તેમની શહીદી એળે ના જાય તે માટે રાજકીય રોટલા શેકવાને બદલે દુશ્મનને પાઠ ભણાવવાની છુપી અપીલ પણ બખૂબી વ્યકત કરી છે. કોંગ્રેસ દ્વારા પણ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ગિફ્ટ સિટીમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની લોકલ હેડ ઓફિસનું ભૂમિપૂજન સંપન્ન

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જાહેર ક્ષેત્રની બેન્કોને છેવાડાના ગ્રામીણ ક્ષેત્રો સુધી તેની સેવાઓનો વ્યાપ વિસ્તારી ગરીબ-વંચિત નાગરિકોને સરકારી યોજનાઓના સહાય લાભ પારદર્શીતાથી પહોંચાડવામાં સહાયક બનવાનું આહવાન કર્યું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ પરિવારોને બેન્કીંગ સેવાના માધ્યમથી નાણાં-સહાય કોઈપણ વચેટિયા વિના સીધી જ તેમના ખાતામાં જમા થાય તેવી પારદર્શી પ્રધાનમંત્રી જન-ધન યોજના અમલમાં મુકી છે.

વિજયભાઈ રૂપાણીએ ગિફ્ટ સિટીમાં પહેલરૂપ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનની સુવિધાની ભૂમિકા આપતાં બેન્કીંગ ક્ષેત્રોની સેવાઓના માધ્યમથી ઈકોનોમીકલી સ્ટ્રોન્ગ સિટી ગિફ્ટ સિટી બને તેવી અપેક્ષા દર્શાવી હતી.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ચેરમેન અરૂંધતી ભટ્ટાચાર્યે જણાવ્યું કે, 'ગિફ્ટ સિટીમાં અમદાવાદ લોકલ હેડ ઓફિસ સ્થાપિત કરવાની ખુશી છે. આ એક છત્ર હેઠળ એસબીઆઈની તમામ કામગીરી કેન્દ્રિકૃત કરશે. ૨૦૦૦થી વધારે કર્મચારીઓ માટે આ સુવિધા સ્થાપિત કરવા ઉપરાંત એસબીઆઈ રૂ. ૧૦૦ કરોડના રોકાણ સાથે ૨.૨૦ લાખ ચોરસ ફૂટ બિલ્ટ અપ એરિયામાં પથરાયેલા રહેણાંક ટાવરનું નિર્માણ કરશે. આ રહેણાંક સંકુલ ગિફ્ટ સિટીની અંદર ૧૫૦ કુટુંબોને સમાવવા સક્ષમ બનશે.'

ભટ્ટાચાર્યે વધુમાં ઉમેર્યું હતું કે, 'અમે ગિફ્ટ આઈએફએસસી ખાતે અમારા આઈબીયુ માટે નોંધપાત્ર વાણિજ્યિક તકો જોઈએ છીએ. ગિફ્ટમાં આઈબીયુ કેટલાંક વિસ્તારોમાં અમારી વિદેશી કામગીરીને સંગઠિત કરવામાં મદદરૂપ બનશે. એસબીઆઈનું આઈબીયુ વૈશ્વિક કોર્પોરેટ બેંકિંગ સેવાઓની સંપૂર્ણ રેન્જ પ્રદાન કરશે અને વિવિધ ભારતીય ગ્રાહકોની વિદેશી ચલણના ફંડિંગની જરૂરિયાતો પૂર્ણ કરશે.

### ક્ષણના ચણીબોર ● ૪ પાનાનું ચાલુ...

હરિ હું ! તવ ચરણોની ધૂલી.
પ્રબળ પવનથી હલકી વસ્તુ
ગગને જઈને બેસે
પવન પડી જતાં પટકાયે,
ચડતી સૌની ઠેસે,
ફરવું શીદ જઈ ફૂલી...

પૂજ્ય શ્રી મોટાએ જયારે દેહ છોડવાનો નિર્ધાર કર્યો તે દિવસોમાં યાદગાર શબ્દો લખ્યા છે.

ઉમળકાથી અમે કરેલું છે
નિરાશાને તો અમે સ્વપ્ને ન જાણી છે
આવેલા કામને પૂરા હર્ષથી સ્વીકાર્યું છે
ગુરુ મહારાજના હુકમને આનંદથી પાળ્યો.

પૂજય મોટાનું સમગ્ર જીવન એ સમર્થ છતાં અનાસકત કર્મયોગીનું જીવન હતું. આવા ક્રાંતિકારી સંન્યાસી જ મૃત્યુને અનોખી સ્વસ્થતાથી વધાવી શકે.

શ્રી મોટા જેવી અનાસકત રીતે તથા જાગૃતિપૂર્વક સમાજસેવા કરવાની વૃત્તિ સેવાધર્મની એક અનોખી મિસાલ પૂરી પાડે છે. સંત મોટાએ તેમના જીવનમાં કથા-વાર્તા કે ધાર્મિક સમારંભોનું આયોજન કરવાના બદલે સમગ્ર સમાજની ઉન્નતિ માટેના કાર્યોમાં પોતાની પ્રચંડ શકિત લગાવી દીધી. મૌન મંદિરની એક અનોખી તથા ઉન્નતિદાયક પ્રવૃત્તિના મજબૂત પાયા નાખનાર આ સંત વિચારોથી ક્રાંતિકારી હતા. આચારથી અતિ સંવેદનશીલ તથા ઋજુ હતા. સંપૂર્ણ અર્થમાં તેઓ જીવન રસિક હતા.

જગતના તમામ પ્રાણીઓ તરફ સંવેદનશીલતા એજ સંતોના જીવનનું ધ્યેય હોય છે. નિર્દોષ પ્રેમની અનુભૂતિ સતત રહે તથા તેની પ્રતીતિ સમગ્ર જગતને થાય તેવું સંતોનું જીવન હોય છે. ઋજુતા આવી સંવેદનશીલતાનું એક અભિન્ન અંગ છે. હરિઓમ આશ્રમવાળા સંતશ્રી મોટાનું જીવન આવા અલૌકિક ગુણથી સભર થયેલું હતું. ચિંતક તથા વિચારક વિદુષિ વિમલા ઠકાર કહેતા કે શ્રી મોટાને મળવાનું થાય ત્યારે તેઓ હંમેશા લાગણી સભર થઈને કહેતા કે આગલો જન્મ તેઓ સ્ત્રી દેહમાં લેવા માંગે છે. તેનું કારણ એટલું જ કે સ્ત્રીદેહમાં નિર્દોષ તેમજ સંપૂર્ણ પ્રેમની પ્રતીતિ સંભવી શકે છે.

પૂજ્ય મોટાના કેટલાક વિચારો જોતાં એમ જણાય છે કે તેઓ તેમના સમયથી ખૂબ આગળનું જોનારા "દ્રષ્ટા" હતા. દાનના પ્રવાહને પણ મોટાએ એક નવું સ્વરૂપ – દિશા પૂરા પાડ્યા. આશ્રમો કે મંદિરો કરતા પૂ. મોટાએ પ્રાથમિક શાળાઓના ઓરડા બાંધવાના કામને હમેશા અગ્રતા આપી. જીવનમાં સંઘર્ષ નહિ પરંતુ સમન્વયનો પાઠ આ મહાન સંતે પોતાના જીવનકાર્યો થકી પઢાવ્યો છે.

# મોડાસાના ગેબીનાથ મંદિર નજીક બે વર્ષ પહેલા નવનિર્માણ થયેલો પૂલ બિસ્માર હાલતમાં

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા નજીક આવેલા ગેબીનાથ મહાદેવ મંદિર નજીકથી પસાર થતી માઝુમ નદી પરથી પસાર થતા અને ૫૦થી વધુ ગામડાઓને જોડતા પુલની આવરદા પુરી થતા વહીવટીતંત્રમાં અને સરકારમાં અનેક રજૂઆતો પછી બે વર્ષ પહેલા નવો પુલ તૈયાર કરવામાં આવ્યો હતો. નવનિર્માણ પુલની હાલત ફક્ત બે જ વર્ષમાં પુલની બન્ને સાઈડોની અંદર રહેલા સળીયા દેખાતા અને જર્જરીત બની જતા આ પુલ પરથી પસાર થતા ૫૦થી વધુ ગામડાના વાહનચાલકો અને મુસાફરો સામે જીવનુ જોખમ ઉભુ થતા તાબડતોડ પુલની બન્ને સાઈડનું સમારકામ કરવાની માંગ પ્રબળ બની છે.



આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ મોડાસાથી વણીયાદ જતા અને ગેબીનાથ મહાદેવ મંદિર નજીકથી પસાર થતી માઝુમ નદી પર ૫૦થી વધુ ગામડાઓના લોકો દ્વારા સરકારમાં અને વહીવટીતંત્રમાં અનેકવાર રજૂઆતો કરાતા વર્ષો જુની પ્રજાજનોની પુલની માંગ સંતોષાતા બે વર્ષ પહેલા પુલનું નવનિર્માણ કરવામાં આવ્યું હતું. નવો પુલ બનતા ૫૦થી વધુ ગામના લોકોનો જિલ્લા મથક મોડાસા સાથેના સંપર્ક માટે નવી સુવિધારૂપ સાબીત થતા લોકોમાં આનંદ છવાયો હતો, પરંતુ આ આનંદ ગ્રામજનો માટે ટુંક સમય માટે જ હોય તેમ ચાલુ ચોમાસાની સીઝનમાં મેઘરજ તાલુકા અને ઉપરવાસમાં વરસાદ વધુ થતા માઝુમ નદીના પુલમાં પાણી ઓવરફ્લો થતા માઝુમ ડેમમાંથી પાણી છોડવામાં આવતા પુલની બન્ને બાજુની રેલીંગ અને પુલને વ્યાપક નુકશાન થતા અને પુલ પર બનાવેલો રોડ પણ ધોવાઈ જતા પુલના સળીયા બહાર દેખાઈ આવ્યા હતા અને પુલની બન્ને સાઈડો જર્જરીત થતા પુલ પરથી પસાર થતા નાના વાહનો અને ભારવાહન ચાલકો સહિત રોજીંદી આવન જાવન કરતા મોટી સંખ્યામાં પસાર થતા વાહનચાલકોમાં જીવનું જોખમ ઉભુ થતા પુલનુ સમારકામ સત્વરે કરવામાં આવે તેવું પ્રજાજનો અને વાહનચાલકો ઈચ્છી રહ્યા છે. આ પુલના નિર્માણ કરનાર કોન્ટ્રાક્ટર દ્વારા હલકી કક્ષાનો માલ સામાન વાપરવામાં આવ્યો હોવાનું અને કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારીઓ દ્વારા આ પૂલના નિર્માણમાં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાથી આ પુલની હાલત ફક્ત ૨ વર્ષના ટુંકાગાળામાં જ બેહાલ બની ગયો હોવાની લોક ચર્ચા જાગી છે. આ પુલનુ નિર્માણ કરનાર કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મીલીભગતથી ૫૦થી વધુ ગામડાઓના લોકોમાં જીવનું જોખમ ઉભુ થતા કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારીઓની તટસ્થ તપાસ એજન્સી દ્વારા તેમજ નિર્માણ સમયે ફરજ બજાવતા અધિકારીઓ સામે લાંચ રૂસ્વત વિરોધી શાખા દ્વારા તપાસ થાય તેવુ પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

### રણનીતિ તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ બેઠક યોજ્યા બાદ પાકિસ્તાનને દુનિયામાં અલગ પાડી દેવા અને તેને આતંકવાદી દેશ જાહેર કરવાની રણનીતિ બનાવવામાં આવી હતી. બપોરમાં મોદીના આવાસ ઉપર આ બેઠક યોજાઈ હતી. આતંકવાદીઓના પાકિસ્તાની હથિયારોથી પણ પાકિસ્તાનનો પર્દાફાશ કરવાની નીતિ બનાવવામાં આવી હતી. વડાપ્રધાને બેઠકમાં એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે, રાજકીય સ્તર પર પાકિસ્તાનને અલગ કરી દેવાના પ્રયાસ કરવા પડશે. બેઠકમાં સેના પ્રમુખે કબૂલાત કરી હતી કે, પાકિસ્તાનની સંડોવણીના પુરાવા મળી ચુક્યા છે. સૂત્રોના કહેવા મુજબ ભારત તરફથી સંયુક્ત રાષ્ટ્રમાં પણ આ મુદ્દાને ઉઠાવીને પાકિસ્તાનને ત્રાસવાદી દેશ જાહેર કરવાની માંગ કરવામાં આવશે. ૨૬મી સપ્ટેમ્બરના દિવસે વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ સંયુક્તરાષ્ટ્ર સંમેલનમાં સંબોધન કરનાર છે.

### મેપ મળતા ખુલાસો.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આતંકવાદીઓએ સૌથી પહેલા શસ્ત્રાગારને ટાર્ગેટ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. કેમ્પ અને ટેન્ટમાં આગળ ફાટી નિકળવાના કારણે વધારે નુકસાન થયું હતું. ત્રાસવાદીઓએ સૌથી પહેલા ગ્રેનેડ ઝીંકવામાં આવ્યા હતા ત્યારબાદ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. ઘાયલ જવાનોને સારવાર માટે તરત ખસેડવામાં આવ્યા છે. જ્યાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે.

સરહદ પારથી હાલમાં જ ઘુસી ગયેલા ત્રાસવાદીઓએ આ હુમલાને અંજામ આપ્યો હતો. આ ત્રાસવાદીઓ સવારના બાદ ખીણમાંથી પ્રવેશ્યા હતા. ત્રાસવાદીઓએ બે વર્ષ પહેલા પણ આ ક્ષેત્રના મોહરામાં આ પ્રકારનો હુમલો કર્યો હતો. પાંચમી ડિસેમ્બર ૨૦૧૪ના દિવસે કરવામાં આવેલા આ હુમલામાં ૧૦ જવાન માર્યા ગયા હતા.

### પુરાવાઓ મળ્યા છે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉઠાવવા પડશે. હાલના સંદર્ભમાં કોઈપણ પ્રતિક્રિયા આપવાની બાબત સરળ રહેશે નહીં. રિજ્જુએ કહ્યું હતું કે, પાકિસ્તાનના કરતુત વિશ્વની સામે લાવવામાં આવશે. બીજી બાજુ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ ૨૬મી સપ્ટેમ્બરના દિવસે સંયુક્ત રાષ્ટ્ર સંમેલનને સંબોધન કરનાર છે. આ બેઠકમાં સુષ્મા સ્વરાજ આ હુમલામાં પાકિસ્તાનની ભૂમિકાનો ઉલ્લેખ કરી શકે છે. પાકિસ્તાનને વિશ્વ સમક્ષ ખુલ્લુ પાડવામાં આવશે. બીજી બાજુ નવમી નવેમ્બરના દિવસે ઈસ્લામાબાદમાં યોજાનાર સાર્ક સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામેલ થાય તેવી શક્યતા ઓછી છે.

### નાણાંકીય સત્તાઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સીટી ઈજનેરને રૂ. ૫૦ હજાર સુધીના ખર્ચની ચૂકવણી અને મંજૂરી તથા એડી. સીટી ઈજનેરને રૂ. ૨૫ હજાર સુધીના ખર્ચની ચૂકવણી અને મંજૂરીની જોગવાઈઓ આ સામાન્ય સભાએ બહાલ રાખી હતી.

આ પછી કોંગ્રેસ પક્ષે સફાઈ, સિલીંગ તેમજ ભ્રષ્ટાચારના મુદ્દે ચર્ચાની માંગ કરી હતી. પરંતુ ભાજપના જ સિનીયર સભ્યોએ ઉભા થઈને એજન્ડા સિવાયની કોઈપણ વાતની ચર્ચાની મંજૂરી આપી શકાય નહિ તેવી રજુઆત કરી હતી. સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે કહ્યું હતુ કે વિપક્ષને ચર્ચા કરવી હોયતો તેઓ સમય મર્યાદામાં દરખાસ્ત રજુ કરી અને મંજૂરી માંગે અમે ચર્ચા માટે તૈયાર છીએ. કોંગ્રેસે ચર્ચાની માંગ ચાલુ રાખી હતી અને મામલો બિચકી રહ્યો હોવાનું જણાતાં મેયર પ્રવિણ પટેલે સભા પૂર્ણ થયાની જાહેરાત સત્તાધારી પક્ષના સભ્યોના દબાણ વચ્ચે કરતાં મામલો બિચક્યો હતો અને આ પછી કોંગી સભ્યોએ હલ્લાબોલ કરી મેયરની ઓફિસમાં ઘેરો ઘાલ્યો હતો.

### કોંગ્રેસનો ઘેરો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગી સભ્યોએ મેયરની ચેમ્બરમાં ઘુસી જઈ હલ્લાબોલ કર્યુ હતુ. મેયરના બચાવમાં સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ, નાઝાભાઈ ધાંધર, કેતન પટેલ, ધીરૂભાઈ ડોડિયા સહિતના સભ્યો આવી ગયા હતા.

એક તબક્કે તો વાતાવરણમાં એટલી ઉગ્રતા આવી ગઈ હતી કે સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ અને કોંગ્રેસના જીતુભાઈ રાયકા, હસમુખ મકવાણા, શૈલેન્દ્રસિંહ બિહોલા, ચીમન વિંઝુડા, અંકિત બારોટ વચ્ચે ઉગ્ર શાબ્દીક ટપાટપી પણ થઈ ગઈ હતી.

સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે ધમકીભર્યા સ્વરો ઉચ્ચારતાં મામલો ઓર બિચક્યો હતો અને મનુભાઈ માફી માંગે તેવી માંગ સાથે કોંગી કાઉન્સીલરોએ વધુ એકવાર મેયરની ચેમ્બરને ઘેરો ઘાલ્યો હતો. આ પછી મનુભાઈએ કહ્યું કે મેં કોઈ ધમકીની ભાષાનો પ્રયોગ કર્યો નથી અને છતાંય તમને જો એવુ લાગતુ હોય તો મારા શબ્દો પાછા ખેંચુ છુ.

આ પછી મામલો શાંત પડ્યો હતો. જો કે આજે સફાઈના મુદ્દે તેમજ સીલીંગ ભ્રષ્ટાચારના મુદ્દે કોંગ્રેસે આક્રમક વલણ અખત્યાર કર્યુ હતુ. વોર્ડ નં. ૧ માં જ સિલીંગ કેમ કરવામાં આવ્યું ? કોના કહેવાથી કર્યુ ? ભ્રષ્ટાચારથી વહીવટીતંત્ર ખદબદી રહ્યું છે જેવા તીવ્ર વાક્બાળો અંકિત બારોટ, ચીમન વિંજુડા, જયરાજસિંહ પરમાર તેમજ મહિલા કાઉન્સીલરો મીનાબા વાઘેલા, પિન્કીબેન પટેલ, હિરલબેન જોશી, રમીલાબેન વાઘેલાએ મારો ચલાવ્યો હતો.

મેયર પ્રવિણ પટેલના રાજીનામાની માંગણી સાથે શૈલેન્દ્રસિંહ બિહોલાએ તો તમે રબ્બર સ્ટેમ્પ બની ગયા છો આ તમારી ઓળખ છે જ નહિ ગુંગળામણ અનુભવવા કરતાં રાજીનામુ આપી દો તેમ કહી દીધુ હતુ.

ભાજપના સભ્યોએ કોંગ્રેસના સભ્યોને મર્યાદામાં રહી વાત કરો તેવો વળતો પ્રહાર કરતાં કોંગીના હસમુખ મકવાણાએ જણાવ્યું હતુ કે અમને મર્યાદાના પાઠ ના શીખવાડો, કાઉન્સીલરના પતિ મેયરના ટેબલ પર બેસી અમને મર્યાદા ભણાવવાની વાતો કરે છે એ તો જુઓ.

જીતુ રાયકાને અંકિત બારોટે ભ્રષ્ટાચારના મુદ્દે ચર્ચા કેમ ટાળી રહ્યા છો તેવા સવાલો પણ ઉભા કર્યા હતા. જો કે આજે ભાજપ આક્રમકતાથી બચાવને બદલે મેયરને જ બચાવવામાં વધુ રસ ધરાવતા હોય તેવી છાપ ઉભી થતી હતી. કોંગ્રેસના આક્ષેપોનો જવાબ આપવાનું ટાળવા તેઓ આક્રમક દેખાતા હતા.

### સરકારી બ્લોક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તબક્કાવાર તોડી નાંખવામાં આવ્યા છે. સે. ૭, ૧૩ અને સે. ૨૯, ૩૦ સહીતના વિસ્તારોની નિકાલ હેઠળના ભયજનક મકાનો જમીનદોસ્ત કરી દેવાયા બાદ હાલ નવા મકાનો બાંધવાનું કામ પણ શરૂ કરી દેવાયું છે. સે. ૭ અને ૨૯માં કરોડોના ખર્ચે કોર્પોરેટ લુક ધરાવતા નવા આવાસોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું છે. બીજીતરફ શહેરમાં સ્થિત અન્ય સરકારી આવાસો કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. જાળવણીના અભાવે ઘણા બંધ મકાનો રહેવા લાયક રહ્યા ન હોવાનુ સ્પષ્ટ થયુંછે. તંત્ર દ્વારા પણ સરકારી મકાનોના બાંધકામની સ્થિતિ ચકાસવા હાથ ધરાયેલા સર્વે દરમિયાન પણ સેક્ટરોમાં જુદી જુદી કક્ષાના મકાનો ભયજક હોવાનુ ધ્યાને આવ્યું છે. જ્યારે આ મકાનો તોડી નાંખવા માટે પણ વિભાગ કક્ષાએથી મંજૂરી આપી દેવાઈ હોવાનું ધ્યાને આવ્યું છે. પરંતુ સરકારી તંત્રના ચોપડે આવાસ મેળવવા માટે અરજદારોની પ્રતિક્ષા યાદી મોટી છે. ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરાયા બાદ તબક્કાવાર ભયજનક બ્લોક તોડવાનું કામ હાથ ધરવા નિર્ણય કરાયો છે. અગાઉ સે. ૭ અને સે. ૧૩માં પણ નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ અન્ય ૩ ભયજનક બ્લોક તોડી નાંખવા વિભાગે મંજુરી આપી હતી.